P G V C L

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ જી કે જનરલ હોસ્પિટલ સામે ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૪/ 61 તારીખ: 20/7/24

રજી.એ.ડી. દ્વારા
પ્રતિ શ્રી
હરીજન મુળજી કલયાણ
રહે:- નુધાતળ
તાલુકો- અબડાસા
પીન નંબર ૩૭૦૬૫૦
મોબાઇલ નંબર ૭૫૬૭૧૨૪૯૯૭

વિષય:- વીજ જોડાણ પુન: જોડાણ ન થવા બાબત
સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી/૦૧/૦૦૬/૨૦૨૪-૨૫

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

નકલ રવાના:-

(૧) શ્રી કાર્યપાલક ઇજનેર
પીજીવીસીએલ
વિભાગીય કચેરી
પાવર હાઉસ કમ્પાઉન્ડ
નખત્રાણા

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિમયો. જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરી ને અચુક મોકલી આપવા વિનતી

(૨) નાયબ ઇજનેર
પીજીવીસીએલ પેટાવિભાગીય કચેરી
કોઠારા તાલુકો અબડાસા

ગ્રાહકફરીયાદનિવારણફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજકંપનીલી.
પાવરહાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોનનંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
**Email- forumbhuj.pgvcl@gebmail.com.**
કેસી/સીજીઆરએફ/૨૦૨૪ તા. / /૨૦૨૪

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ **(CGRF)** પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-001-006-2024-25**

હરિજન મુલજી કલ્યાણજી
ગામ: નું ધાતડ,તા અબડાસા *-કચ્છ*...............અરજદાર.

વિરુધ્ધ

શ્રી એચ.પી. રાઠોડ
પીજીવીસીએલ વિભાગીય કચેરી, *નખત્રાણા* -કચ્છ...........**સામાવાળા.**

બાબત:- ખેતીવાડી વીજ કનેક્શન પુન: જોડાણ બાબત.

અરજદારતરફે:- હરિજન મુલજી કલ્યાણજી

સામેવાળાનાતરફે:-

શ્રી એચ.પી રાઠોડ કાર્યપાલકઈજનેરશ્રી *નખત્રાણા* વિભાગીય કચેરી

કોરમ:
(૧) એન.સી.મકવાણા - ચેરપર્સન
(૨) શ્રી એ.એસ.ચૌધરી - મેમ્બર (ટેક)
સુનાવણીસ્થળ-પીજીવીસીએલ વર્તુળકચેરી ભુજ
તા.: ૨૮/૦૬/૨૦૨૪

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ

# ઠરાવ

૧. અરજદારશ્રી ની રજૂઆત એવી છે કે તેઓ ગામ નુંધાતડ મધ્યે ખેતીવાડી વપરાશનું ૨૨.૫ એચ.પી.નું ગ્રાહક નંબર ૮૬૪૧૧/૧૦૦૦૮/૦ થી પીજીવીસીએલ ની કોઠારા પેટા વિભાગીય કચેરીનું વીજ જોડાણ ધરાવે છે.

૨. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર તેઓ દ્વારા સદર વીજ જોડાણનું વીજબીલ ભરપાઈ ન થવા ને કારણે વીજ જોડાણ કપાઈ ગયેલ હતું.

3. અરજદારશ્રી દ્વારા સદર વીજ જોડાણનું વીજબીલ ભરપાઈ કરવામાં આવેલ હોવા છતાં વીજ જોડાણ કરી આપવામાં આવેલ ન હતું.

૪. આમ, અરજદારશ્રી દ્વારા તેઓને સદર વીજ જોડાણનું વીજબીલ ભરપાઈ કરવામાં આવેલ હોવા છતાં વીજ પુનઃ જોડાણ કરી ન આપવા બાબતે વાંધો છે. જેથી સદર બાબત માટે યોગ્ય ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

<u>બીજી તરફ પીજીવીસીએલની રજૂઆત નીચે મુજબ છે.</u>

૫. અરજદારશ્રી પીજીવીસીએલ ની કોઠારા પેટા વિભાગીય કચેરીનું નંબર ગ્રાહક નંબર ૮૬૪૧૧/૧૦૦૦૮/૦ થી ખેતીવાડી વપરાશનું ૨૨.૫ એચ.પી.નું વીજ જોડાણ ધરાવે છે

૬. સદર વીજ જોડાણ તા.૨૨/૧૧/૨૦૧૭ના રોજ આપવામાં આવેલ ત્યારબાદ વીજબીલની રકમ સમયસર ભરપાઈ ન થવા ને કારણે તા.૩૧/03/૨૦૨૧ના રોજ વીજ જોડાણ પી.ડી. કરેલ હતું.

૮. અરજદારશ્રી દ્વારા સદર વીજ જોડાણના પુન : જોડાણ માટે અરજી કરેલ પરંતુ પુન : જોડાણ માટે જરૂરી દસ્તાવેજો કોઠારા પેટા વિભાગીય કચેરીએ આજદીન રજુ કરવામાં આવેલ નથી. હાલે ઉપરોકત અરજદાર દ્વારા બાકી લેણુ ભરપાઇ કરવામાં આવેલ છે. પરંતુ વ્યાજ ની રકમ રુ ૧૭૮૬.૨૪ ભરવાથી એમની પુનઃ જોડાણ ની અરજી સ્વીકારવામાં આવશે.

૯. આમ,ઉપરોક્ત અરજદારની ફરિયાદને ધ્યાને લઇ પુન : જોડાણ માટે જરૂરી દસ્તાવેજો કોઠારા પેટા વિભાગીય કચેરીએ મળ્યેથી વીજ જોડાણના પુન : જોડાણ માટેની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૧૦ વધુમાં તારીખ૨૮/૦૬/૨૦૨૪ ની ફોરમની મીટીંગમાં આ કેસ બાબતે વધુ અહેવાલ મંગાવવામાં આવતા પીજીવીસીએલ ના અધિકારી દ્વારા સદરહુ કનેક્શન વાળી જમીન ઘોરાડ પક્ષી ના પોટેશિયલ વિસ્તારમાં આવે છે.અને હાલે માનનીય સુપ્રીમ કોર્ટ ના આદેશ મુજબ સદરહુ જગ્યા પર કોઇ વીજ કનેકશન ઓવર હેડ કેબલ સિવાય આપી શકાય તેમ

નથી અને સદરહુ અરજદાર ને પુન: જોડાણ આપવા માટે૮ર મીટર જેટલી ઓવર હેડ વીજ લાઇન ઉભી કરવાની જરુરીયાત છે .અને સદરહુ કનેક્શન ના પુન જોડાણ માટે અરજદાર ને ઓવર હેડ લાઇન નો ખર્ચ ભરવાની શરતે વીજ જોડાણ પુન જોડાણ કરી આપવામાં આવશેએમ વધુ અહેવાલ માં જણાવેલ છે.

ફોરમ નુ તારણ

૧૧ બન્ને પક્ષકારો ની રજુઆત જોતા અત્રેનુ ફોરમ એવા નિર્ણય પર આવે છે કે સદરહુ અરજદાર દ્વારા એમના વીજ વપરાશ ના બીલ રેગ્યુલર ન ભરાતા પીજીવીસીએલ દ્વારા એમનુ ખેતીવાડી વીજ કનેકશન તારીખ ૩૧.૦૩.૨૦૨૧ નો રોજ રદ કરવામાં આવેલ છે ત્યારબાદ સદરહુ અરજદાર દ્વારા એમનુ ઉપરોકતબાકી લેણુ ભરપાઇ કરેલ છે અને હાલે વ્યાજ ની રકમ રુ ૧૭૮૬.૨૪ બાકી રહેલ છે. સદરહ અરજદાર દ્વારા ઉપરોકત કનેક્શન પુન: જોડાણ કરવા માટે અરજી કરેલ એમ એમની અત્રે ની ફોરમ સમક્ષ કરેલ ફરિયાદ માં જણાવેલ છે. પરંતુ પીજીવીસીએલ ના રેકર્ડ પર આવી કોઇ અરજી નોંધાયેલ નથી કે પુન: જોડાણ માટે ના જરુરી દ્સ્તાવેજો પીજીવીસીએલ કોઠારા પેટા વિભાગીય કચેરીએ નોંધાયલ નથી .

૧૨ ઉપરોકત વિગત મુજબ ખેતીવાડી વીજ જોડાણ કાયમી ધોરણે બંધ કારવાની પ્રતિવાદી પીજીવીસીએલ ની કાર્યવાહી નિયમાનુસાર યોગ્ય છે, હકીકતમાં ગ્રાહક દ્વારા વીજ જોડાણ ના બાકી લેણા ભરપાઇ થયેલ છે માત્ર વ્યાજ ની રક્મ રુ ૧૭૮૬.૨૪ બાકી રહે છે, જેથી ઉપરોક્ત રક્મ ભર્યા બાદ વીજ જોડાણ પુન: ચાલુ કરવા માટે અરજીસ્વીકારી શકાય તદઉપરાંત સદરહુ બંધ કરવામાં આવેલ જોડાણ વાળી જગ્યા ધોરાડ પક્ષીના પોટેશિયલ વિસ્તારમાં આવતી હોવાથી નામદાર સુપ્રીમ કોર્ટ ના પ્રવર્તમાન આદેશ ને આધીન કાર્યવાહી કરવાની થાય છે.

-: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ આ સંજોગો માં હુકમ કરવામાં આવે છે કે ગ્રાહક ની વ્યાજ ની બાકી રક્મ ભરપાઇ થયે અને પુન: જોડાણ ની નિયત અરજી પ્રક્રિયા પૂર્ણ થયે**GERC** તેમજ **GUVNL** ના પરિપત્ર અને સુચનાઓ મુજબ નિયત ભાવપત્રક ના નાણાં ભરાયા બાદ વીજ જોડાણ પુન: ચાલુ કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

- આમ અરજદાર ની અરજી નાંમંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા. ૧૦/૦૧ ૨૦૨૪ ના રોજ જાહેર કર્યો .

(એ.એસ.ચૌધરી )
મેમ્બર ટેક

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- 30માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં૦૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે કલમ ૩.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જીલ્લા સેવા સદન -૩ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -૩૬૦૦૦૧, ફોન નં.૦૨૮૧-૨૯૯૪૧૨૫

